**<u>અમદાવાદ શહેરના મહે. સ્પે.જજ (ઈલેકટ્રીસીટી) કોર્ટ નં.૨૮ સમક્ષ, મુ.અમદાવાદ</u>**

**<u>ઈલેકટ્રીસીટી સમરી નં.૨૭/૨૦૨૬</u>**

**<u>આંક-૧ લગત હુકમ</u>**

૧) ફરિયાદી તરફે વિ.વ.શ્રી એસ.જે.ભારડીયા અને સરકારશ્રી તરફે એડી.પી.પી.શ્રીને સાંભળ્યા.

૨) સદર કામના આરોપી વિરૂધ્ધ જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન, સાબરમતી, અમદાવાદના સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૪૯૪/૨૦૧૭થી ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ-૨૦૦૩ ની કલમ-૧૩૫(૧)(બી) મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલો. જે અન્વયે તપાસ કરનાર અમલદાર દ્વારા ક્રિ.પ્રો.કોડની કલમ-૧૭૩ મુજબનો અહેવાલ રજુ કરેલ છે અને તેમાં જણાવેલ છે કે, આ કામના આરોપીએ ફરિયાદ વાળા બિલની રકમ તથા કંપાઉન્ડીંગ ચાર્ઝ પણ ભરપાઈ કરી દીધેલ છે.

૩) આમ, આરોપીએ ફરીયાદ વાળા બીલની રકમ તથા કંપાઉન્ડીંગ ચાર્ઝની રકમ ભરપાઈ કરી દીધેલ હોય, તેવા સંજોગોમાં આરોપી સામે નોંધાયેલ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની રહેતી ન હોય, તેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

- આ કામના આરોપીને ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટની કલમ-૧૫૨ અન્વયે ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટની કલમ-૧૩૫(૧)(બી) મુજબના ગુનામાંથી મુકત કરવામાં આવે છે અને તે પ્રમાણે હાલની સમરી મંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.૧૪મી માર્ચ, ૨૦૨૬ના રોજ લોક અદાલતમાં જાહેર કર્યો.

તા. ૧૪.૩.૨૦૨૬
લોક અદાલત

**(સમીર રતીલાલ સાંગાણી)**
સ્પે. જજ(ઈલેકટ્રીસીટી)
સિટી સેશન્સ કોર્ટ નં.૨૮,
અમદાવાદ શહેર
યુનીક આઈ.ડી.કોડ નં.GJ01046